અપીલ અરજી નં.૨૯ તા.૧–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી પ્રવિણચંદ્ર બાલુભાઈ પટેલ ઉર્ફે મિસ્ત્રી
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રવિણચંદ્ર બાલુભાઈ પટેલ ઉર્ફે મિસ્ત્રીની તા.૨૭–૩–૦૯ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે રાંદેરના રેવન્યુ સર્વે નંબર–૧૨૫ વાળી જમીન ઉપર આવેલા આવાસો કે જે સારંગ નગર કો.ઓ.હા.સો થી ઓળખાય છે તે સોસાયટીમાં આવેલ આવાસ નંબર–૮ જે સુરત મહાનગરપાલિકાના દફતરે ટેનામેન્ટ નં.૧૬ડી–૦૭–૧૦૧૧–૦–૦૦૧ થી નોંધાયેલ છે તે મિલ્કતના પ્રથમ માળે બંધાય રહેલ ગેરકાયદેસર બાંધકામ તાત્કાલીક અસરથી અટકાવી ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***–અરજદાર મજકુરની તા.૧–૫–'૦૯ ની અપીલ અરજી નં.૨૯/૨૦૦૯–૧૦

શ્રી પ્રવિણચંદ્ર બાલુભાઈ પટેલ ઉર્ફે મિસ્ત્રીની તા.૨૭–૩–૦૯ ની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે રાંદેરના રેવન્યુ સર્વે નંબર–૧૨૫ વાળી જમીન ઉપર આવેલા આવાસો કે જે સારંગ નગર કો.ઓ.હા.સો થી ઓળખાય છે તે સોસાયટીમાં આવેલ આવાસ નંબર–૮ જે સુરત મહાનગરપાલિકાના દફતરે ટેનામેન્ટ નં.૧૬ડી–૦૭–૧૦૧૧–૦–૦૦૧ થી નોંધાયેલ છે તે મિલ્કતના પ્રથમ માળે બંધાય રહેલ ગેરકાયદેસર બાંધકામ તાત્કાલીક અસરથી અટકાવી ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા બાબતે મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આ.૧૪ તા.૮–૪–૦૯ થી આપેલ માહિતી માંગ્યા મુજબ મળેલ ન હોવાના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૦ તા.૬–૫–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૭–૩–૦૯ ની અરજીની અરજીથી સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે રાંદેરના રેવન્યુ સર્વે નંબર–૧૨૫ વાળી જમીન ઉપર આવેલા આવાસો કે જે સારંગ નગર કો.ઓ.હા.સો થી ઓળખાય છે તે સોસાયટીમાં આવેલ આવાસ નંબર–૮ જે સુરત મહાનગરપાલિકાના દફતરે ટેનામેન્ટ નં.૧૬ડી–૦૭– ૧૦૧૧ –૦ –૦૦૧ થી નોંધાયેલ છે તે મિલ્કતના પ્રથમ માળે બંધાય રહેલ ગેરકાયદેસર બાંધકામ તાત્કાલીક અસરથી અટકાવી ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા બાબતે તા.૬–૩–૦૯ થી કરેલી અરજીની કાર્યવાહી તથા ફોન ઉપર ચીફ ઝોનલને જાણ કરેલ તેની માહિતી સદર બાબતે અવતારસીંગ મોહનસીંગ સૈની ની તા.૩–૩–૦૯ ની અરજી સંદર્ભેની કાર્યવાહી તથા તે અંગે જવાબદાર કર્મચારી તથા ઓફિસરના નામ અને સરનામાંની વિગતો માંગવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૪ તા.૮–૪–૦૯ થી નિયત સમય મર્યાદામાં અરજદારને માહિતી આપવામાં આવેલ. આપેલ માહિતીના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ પ્રતિભાવ નિર્ણયથી નારાજ થઈ તથા માંગવામાં આવેલી માહિતી આપવામાં આવેલ નથી તેવી અપીલ તબકકે રજૂઆત કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર તરફથી તા.૬–૩–૦૯ ની અરજીની નકલ તથા અવતારસીંગ મોહનસીંગ સૈની ની તા.૩–૩–૦૯ ની કરેલી અરજી વેસ્ટઝોન કચેરીએ અરજી મળેલ છે તે સ્વીકારેલ છે. જેની નકલ અત્રે પણ રજૂ કરેલ છે. પરંતુ અરજી સંદર્ભે કરેલ કાર્યવાહીની વિગત વેસ્ટઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. પરંતુ અરજી સંદર્ભે કાર્યવાહી અર્થે રજૂ કરેલ નકલ ઉપર કોઈ આદેશ થયેલ જણાયેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૪ અંગેની માહિતી કયા કર્મચારી/અધિકારીની જવાબદારીમાં આવે છે તેમના નામ સરનામાંની વિગત પૂરી પડાયેલ જણાતી નથી. સદર માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૪ હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતીમાં આવતી હોય છતાં માહિતી પૂરી પડાયેલ નથી.

આરટીઆઈ કાયદાના આમુખથી પ્રત્યેક જાહેર સત્તા મંડળની કામગીરીમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાનો ઉદ્દેશ ચરિતાર્થ થયેલ છે. સાથે લોકશાહીમાં સુમાહિતગાર નાગરિકો અને માહિતીની પારદર્શિતા પરત્વે ભાર મુકી સરકાર અને તેના સંશાધનો શાસિતને જવાબદાર રહે તે આવશ્યક હોવાનું ઠરાવેલ છે. તે ધ્યાને લેતાં અરજદારે આપેલ અરજીઓ બાબતે થયેલ કાર્યવાહીની જાણકારી મેળવવા હકદાર ઠરે.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારે અરજીમાં નિર્દિષ્ટ કરેલ અંગે આપેલ અરજીઓ બાબતે કરેલ કાર્યવાહી અંગેની મુદ્દા નં.૧ તથા ૩ની માહિતી પૂરી પડાયેલ ન હોઈ તથા મુદ્દા નં.૪ ની ઉકત પેરામાં જણાવ્યા અનુસાર સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવતી હોઈ તમજ મુદ્દા નં.૪ અંગે હકીકત લક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,રાંદેરઝોન..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી પ્રવિણચંદ્ર બાલુભાઈ પટેલ ઉર્ફે મિસ્ત્રી,બી–૩૫, આનંદનગર સોસા., મોરાભાગળ, રાંદેરરોડ, સુરત ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.